વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

# નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

---

**વંચાણે :** આ કચેરીનો પરિપત્ર જા.નં. નકૃયુ/વિશિનિ/ડી–૧/વેબ–૪૧/૨૦૧૫ નવસારી તા.૧૪/૧૦/૨૦૧૫

## સુધારો

ઉપરોકત વંચાણે લીધેલ પરિપત્રથી આગામી તા. ૨૬/૧૦/૨૦૧૫ થી તા.૦૭/૧૧/૨૦૧૫ દરમ્યાન યોજાનાર રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૫ની કામગીરી માટે નવસારી જિલ્લાના **જિલ્લા નોડલ ઓફિસર** તરીકે ડૉ.એસ.સી. માલી, સંશોધન વૈજ્ઞાનિકશ્રી (શેરડી)ની નિમણૂંક કરવામાં આવેલ હતી, પરંતુ અનિવાર્ય સંજોગોને લીધે તેમાં ફેરફાર કરીને હવે ડૉ.વી.પી.ઉસદડીયા, સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન), જળ અને જમીન વ્યવસ્થાપન સંશોધન એકમ, નકૃયુ, નવસારીની આથી નિમણૂંક કરવામાં આવે છે.

ઉપરોકત પરિપત્ર મા.કુલપતિશ્રીની મંજૂરી લઈને યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

જા.નં. નકૃયુ/વિશિનિ/ડી–૧/વેબ–૪૪/૨૦૧૫
નવસારી તા.૧૯/૧૦/૨૦૧૫

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

**નકલ સવિનય રવાના પ્રતિ :**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા વિનંતી સહ...
૨. સંશોધન નિયામકશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.
૩. પશુપાલન નિયામક અને કન્વીનરશ્રી, કેન્દ્રિય મોનીટરીંગ સેલ, રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૫, કૃષિભવન, ગાંધીનગર
૪. યુનિવર્સિટી અધિકારીશ્રીઓ/તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓ તરફ જાણ થવા સારું.

**નકલ જયભારત સહ રવાના પ્રતિ :**

૧. ડૉ.એસ.સી. માલી, સંશોધન વૈજ્ઞાનિકશ્રી (શેરડી) નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.
૨. ડૉ.વી.પી.ઉસદડીયા, સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન), નકૃયુ, નવસારી તરફ જાણ તથા ઘટતું થવા સારું.
૩. દક્ષિણ ગુજરાતના સાતેય જિલ્લાઓના જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારું.

**જિલ્લા નોડલ ઓફિસરના કાર્યો અને ફરજો :**

૧. ખેતીવાડી ખાતુ તથા જિલ્લા વહીવટી તંત્ર તરફથી રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૫ માટે બોલાવવામાં આવતી જિલ્લા કક્ષાની બેઠકોમાં યુનિવર્સિટીના પ્રતિનિધી તરીકે હાજરી આપવી.

૨. કોઈ આકસ્મિક/અનિવાર્ય કારણોસર કૃષિ તજજ્ઞ તાલુકા શિબીરમાં હાજર રહી શકે તેમ ન હોય તો સ્થાનિક કક્ષાએથી અન્ય કૃષિ તજજ્ઞોની વ્યવસ્થા ગોઠવીને તેની અત્રે જાણ કરવી.

૩. રવિ કૃષિ મહોત્સવના કાર્યક્રમમાં મહાનુભાવો કે મંત્રીશ્રીઓ ઉપસ્થિત રહેવાના હોય તો જિલ્લા નોડલ ઓફિસર તરીકે અવશ્ય હાજર રહેવું તથા અત્રેની કચેરી તે બાબતની અગાઉથી જાણ કરવી.

૪. જે તે જિલ્લાના કૃષિ અને સંલગ્ન ખાતાઓ તથા વહીવટી તંત્ર સાથે યોગ્ય સંકલન કરી યુનિવર્સિટીના પ્રતિનિધી તરીકે કામગીરી બજાવવાની રહેશે.

૫. રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૫ દરમ્યાન હાથ ધરેલ નોંધપાત્ર કાર્યક્રમોની વિગત તથા સારા ફોટોગ્રાફસ સોફટ કોપીમાં અત્રેની કચેરીમાં મોકલી આપવા.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**